# આજે વિધાનસભાનું સત્ર તોફાની બનશે

## ખેડૂતોના પ્રશ્ને કોંગ્રેસ લડાયક રૂખ અપનાવશે

અમદાવાદ, તા. ૯

ગુજરાત વિધાનસભાના સત્રને લઈને કોંગ્રેસ દ્વારા પણ તૈયારી કરી લેવામાં આવી છે. આ સત્રમાં કોંગ્રેસ પાર્ટી જુદા જુદા મુદ્દાઓને ઉઠાવી શકે છે જેમાં તીડના કારણે ખેડૂતોને થયેલા નુકસાન, કમોસમી વરસાદથી ખેડૂતોને નુકસાન અને હાલમાં જ એનએસયુઆઈ પર કરવામાં આવેલા હુમલાના મુદ્દાને લઈને કોંગ્રેસ પાર્ટી મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં ભાજપ સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કરી શકે છે. બીજી બાજુ પ્રદિપસિંહ જાડેજા કહી ચુક્યા છે કે, બજેટ સત્રની કામગીરીના સંદર્ભમાં ગૃહની બેઠક ૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૦થી ફરી મળશે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતિન પટેલ વર્ષ ૨૦૧૯-૨૦નું ખર્ચનું પુરક પત્ર તથા વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ ૨૨૪મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરશે. બજેટ સત્ર ૩૧મી માર્ચના દિવસે પૂર્ણ થશે. રાજ્યપાલના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવની ચર્ચા માટે ત્રણ બેઠકો ફાળવવામાં આવી છે. પુરક માંગણીઓ ઉપર ચર્ચા અને મતદાન માટે બે બેઠકો, અંદાજપત્રની સામાન્ય ચર્ચા માટે ચાર બેઠકો અને વિભાગવાર માંગણીઓ ઉપર ચર્ચા માટે અને મતદાન માટે ૧૨ બેઠકો ફાળવવામાં આવી છે.

ગાંધીનગર, તા. ૯

રાજકીય વર્તુળોમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ગુજરાત વિધાનસભાનું એક દિવસનું સત્ર આવતીકાલે મળનાર છે. સત્ર એક દિવસનું હોવા છતાં તેમાં કેટલીક મહત્વની બાબતો રજૂ કરવામાં આવનાર છે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી એક દિવસના સત્રમાં પણ સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કરશે જેમાં બાળકોના મોતના મામલે, ખેડૂતોને હાલમાં કમોસમી વરસાદ અને કરાથી નુકસાન, બનાસકાંઠા અને આસપાસના વિસ્તારોમાં તીડથી ખેડૂતોને નુકસાન સહિતના મુદ્દા ચમકે તેવી શક્યતા છે.

આ ઉપરાંત નાગરિક સુધારા કાનૂન, હાલની હિંસાના મુદ્દા પણ એક દિવસના સત્રમાં ચમકશે. આવતીકાલે તા.૧૦મી જાન્યુઆરીએ ગુજરાત વિધાનસભામાં એક દિવસીય સત્ર મળવાનું છે. જેમાં ભાજપ સરકાર કેન્દ્ર સરકારે પારિત કરેલાં સીએએના કાયદાને સમર્થન આપતો પ્રસ્તાવ લાવશે. તો બીજી તરફ કોંગ્રેસ ગુજરાતમાં બાળકોના મોત, સીએએનો વિરોધ, એનએસયુઆઈના કાર્યકરો પર એબીવીપીના લોકો દ્વારા જીવલેણ હુમલો સહિતના મુદ્દે આક્રમક વલણ અપનાવી ભાજપ સરકારને સાણસામાં લેવા તૈયાર છે. જેના કારણે આવતીકાલે વિધાનસભાનું એક દિવસીય સત્ર તોફાની બને તેવી પૂરી શક્યતા છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી ગુજરાતમાં નવજાત બાળકોના મોત મુદ્દે હવે રાજકારણ ગરમાયુ છે. એક દિવસીય વિધાનસભાના સત્રને લઈ રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. વિપક્ષ હવે ગુજરાત સરકારને આડે હાથે લઈ રહી છે. ત્યારે ગુજરાત વિધાનસભામાં એક દિવસીય સત્રમાં બાળકોના મોતનો મુદ્દો ઉઠાવી કોંગ્રેસ હવે સરકારને ઘેરવા તૈયારીઓ કરી કરી છે. એકબાજુ, ભાજપ સરકાર આવતીકાલના વિધાનસભા ગૃહમાં સીએએના સમર્થનમાં પ્રસ્તાવ લાવી મોદી સરકારનો સીધો ટેકો આપવાની ફિરાકમાં છે, જો કે, કોંગ્રેસ સીએએનો સ્પષ્ટ રીતે વિરોધ કરી રહ્યું છે અને તે આ કાયદાને દેશના હિતમાં ના હોઈ તેનો કોઈપણ ભોગે અમલ નહી કરવા દેવાના વિરોધ કાર્યક્રમો ગુજરાત સહિત દેશભરમાં આપી રહ્યું છે ત્યારે સીએએના મુદ્દે પણ આવતીકાલે વિધાનસભા ગૃહમાં ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યો વચ્ચે તડાફડી થવાના એંધાણ છે. ગુજરાત વિધાનસભાનું એક દિવસનું સત્ર આવતીકાલે (૧૦મી જાન્યુઆરી) મળવા જઈ રહ્યું છે. જેમાં રાજ્યમાં ચાલી રહેતા સાંપ્રત પ્રવાહોના મુદ્દા પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. બીજી બાજુ રાજ્યના બજેટ વિશે પણ મોટા સમાચાર મળી રહ્યા છે. રાજ્યના બજેટ જાહેર કરવાની તારીખનું એલાન થઈ ગયું છે. ૨૪ ફેબ્રુઆરીએ રાજ્યનું બજેટ રજૂ થશે, અને રાજ્યનું બજેટ સત્ર ૩૧ માર્ચ સુધી ચાલશે.

## શહેરમાં પોલીસનો લોખંડી બંદોબસ્ત

એક તરફ વિધાનસભાનું સત્ર યોજાઈ રહ્યું છે તો બીજીતરફ રાજયભરના મંડળો, સંગઠનો,આંદોલનકારીઓ, ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા, બેઠક, દેખાવો કરવા માટે તત્પર રહેતા હોય છે. કોઈપણ પ્રકારના દેખાવો સામે એલર્ટ રહેવા માટે તેમજ લોકરક્ષક ભરતીમાં અન્યાય મુદ્દે શકિત પ્રદર્શન એલાન કરનાર માલધારી સમાજ આંદોલનકારીઓની દરેક હિલચાલ પર નજર રાખવા માટે આઈબીની ટીમને સુચના આપી દેવામાં આવી છે.

પોલીસે વિધાનસભાની ચોતરફ સહિત શહેરના એન્ટ્રી તેમજ એકઝીટ પોઈન્ટ પર પોલીસનો પહેરો ગોઠવી દેવાયો છે. વિધાનસભા પાસે આંદોલનકારી ન પહોંચે તે માટે પોલીસ અને આઈબીની ટીમને સાવધાન માટે સુચના અપાઈ છે. સચિવાલયના દરેક ગેટની ખાસ જવાબદારી સોંપવામાં આવી છે. દરેક અધિકારીઓને ગેટ નંબર સાથેની ફરજ તંત્ર દ્વારા સોંપવામાં આવી છે. જેમાં કઈ પણ શંકાસ્પદ ઘટના જણાય તો તુરંત જ જાણ કરવા સ્થાનિક પોલીસ અને આઈબીની ટીમને જણાવાયું છે. આ દરમિયાન આંદોલનકારીઓની હિલચાલ પર નજર રાખવામાં અને તેમને રોકવામાં બેદરકારી જણાશે તો સંબંધિત કર્મચારી કે અધિકારી સામે કડક પગલા લેવાની ચિમકી પણ લેવાઈ છે.

# વાપીમાં દસ કરોડની લૂંટ

### ૧૦ મિનિટમાં ૧૦ કરોડની લૂંટથી ચકચાર : ૬ બુકાનીધારીઓ બંદૂક-છરી સહિતના હથિયારો સાથે IIFLમાં ત્રાટક્યા : ગોલ્ડ લોનના કર્મચારીઓને સેલો ટેપથી બાંધી ૮ કરોડના સોના સહિત ૧૦ કરોડની લૂંટ ચલાવી ફરાર

અમદાવાદ, તા.૯

વાપીમાં ૧૦ કરોડથી વધુની લૂંટની ઘટનાથી ખળભળાટ મચી ગયો છે. લૂંટારાઓએ ખુબ જ દિલધડકરીતે ઓફિસમાં ઘુસી જઈને ત્યાં રહેલા તમામ કર્મચારીઓને બાનમાં પકડી લીધા બાદ લૂંટ ચલાવીને ઠંડાકલેજે ફરાર થઈ ગયા હતા. આ ઘટનાથી સમગ્ર ગુજરાત અને વાપીમાં ખળભળાટ મચી ગયો છે. લૂંટારા શખ્સોને પકડી પાડવા પોલીસ માટે પણ પડકારરુપ સ્થિતિ થઈ ગઈ છે. હાલમાં પોલીસ સીસીટીવીના આધાર પર તપાસ કરી રહી છે. આજે વાપી શહેરના ભરચક ગણાતા ચણોદ વિસ્તારમાં આવેલા આઈઆઈએફએલ (ઈન્ડિયા ઈન્ફોલાઈન) ગોલ્ડ લોન અને ફાયનાન્સની ઓફિસમાં કર્મચારીઓને બંધક બનાવીને રૂપિયા રૂ.૧૦ કરોડની લૂંટ થઈ છે. લૂંટારાઓ કર્મચારીઓને સેલો ટેપથી બાંધીને રૂ.૮ કરોડના સોના સહિત રૂ.૧૦ કરોડની લૂંટ ચલાવીને માત્ર ૧૦ મિનિટમાં નાસી છૂટ્યા હતા. સનસનાટીભરી આ લૂંટના બનાવને લઈ સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો છે અને જિલ્લા સહિત મહારાષ્ટ્રની બોર્ડર પર અને નજીકના પોલીસ સ્ટેશનમાં નાકાબંધીની સૂચના આપી લૂંટારાઓને પકડવાના ચક્રો ગતિમાન કરાયા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, વાપીના ચણોદ વિસ્તારમાં ચંદ્રલોક એપાર્ટમેન્ટના પહેલા માળે આઈઆઈએફએલ ગોલ્ડ લોન બેંકમાં આજે સવારે પોણા ૧૦ વાગ્યાની આસપાસ એક બાદ એક ૬ જેટલા બુકાનીધારી ઘૂસ્યા હતા. બુકાનીધારી શખ્સોએ રિવોલ્વર તેમજ ઘાતક હથિયારો બતાવી કર્મચારીઓને સેલો ટેપથી બાંધીને બંધક બનાવ્યા હતા. લોકરની ચાવીઓ લઈ લોકર ખોલી અંદર રહેલું આશરે રૂ.૮ કરોડથી વધુનું સોનું મળી કુલ દસ કરોડની લૂંટ ચલાવી તમામ લૂંટારૂઓ ફરાર થઈ ગયા હતા. ચોંકાવનારી વાત એ છે કે, લૂંટારાઓએ માત્ર દસ જ મિનિટમાં સનસનાટીભરી આ લૂંટને અંજામ આપ્યો હતો. લૂંટારૂઓએ મોઢે બુકાની બાંધી હતી અને જેકેટ પહેર્યા હતા તેમજ લેંઘો અને ઝભ્ભા પહેર્યા હોવાનું કર્મચારીઓએ પોલીસને જણાવ્યું હતું. ઘટનાને પગલે એસપી તેમજ વાપી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.




# જિલ્લાની માધ્યમિક - ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૦૩ વિદ્યાસહાયકોની ઘટ

### જિલ્લાની ૧૯૪ શાળાઓ પૈકી માધ્યમિક વિભાગમાં ૭૫ અને ઉચ્ચતર માધ્યમિકમાં ૧૨૮ વિદ્યા સહાયકોની ઘટ : પ્રવાસી શિક્ષકોથી કામ ચલાવાય છે

ગાંધીનગર તા ૯

ગાંધીનગર જિલ્લાની ૧૯૪ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓમાં ૨૦૩ વિદ્યા સહાયકોની ઘટ છે જયારે હાલ પ્રવાસી શિક્ષકોના આધારે આ શાળાઓમાં શિક્ષણ કાર્ય ચાલે છે. અલબત્ત ઘટને ત્વરિત નિવારવા માટે પ્રવાસી શિક્ષકોનો સહારો લેવામા આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષણને સ્પર્શતા અનેક પ્રશ્નોના લીધે શિક્ષણનુ સ્તર પણ પ્રભાવિત થયુ છે. છેલ્લા કેટલાક વર્ષોથી બોર્ડના પરિણામમાં નીચી ટકાવારી ધરાવતી શાળાઓ પણ શિક્ષણતંત્ર માટે ચિંતાનો વિષય બની છે. જયારે જિલ્લાની ૧૯૪ શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન પણ મુખ્ય બન્યો છે. અલબત્ત વિદ્યા સહાયકોની ઘટના લીધે પ્રવાસી શિક્ષકોથી કામ ચલાવવુ પડે છે. જિલ્લાની ૧૯૪ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૦૩ વિદ્યા સહાયકોની ઘટ છે. જેમાં માધ્યમિક વિભાગમાં ૭૫ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૧૨૮ વિદ્યા સહાયકોની ઘટ છે. જયારે આ શાળાઓમાં વિદ્યાસહાયકોની ઘટના લીધે વિવિધ વિષયો માટે પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. જયારે હાલ આ શાળાઓમાં પ્રવાસી શિક્ષકોના આધારે કામ ચલાવવામાં આવી રહ્યુ છે. જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં લાંબા સમયથી વિદ્યા સહાયકોની ઘટ છે.

# રાજ્યમાં કાતિલ ઠંડીનું મોજુ નલિયામાં પારો ૩.૩ ડિગ્રી

### ૭.૫ ડિગ્રી સાથે ગાંધીનગર બીજા ક્રમે : તીવ્ર ઠંડીનો ચમકારો રહેતા જનજીવન પર અસર

અમદાવાદ,તા. ૯

ગુજરાતભરમાં ફરી એકવાર કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. એકાએક રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો ગગડીને ૧૦થી નીચે પપહોંચી ગયો છે. અમદાવાદ શહેરમાં પણ લઘુત્તમ તાપમાન ૯.૬ ડિગ્રી રહ્યું છે. બીજી બાજુ નલિયા ઠંડુગાર થતાં અહીં લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી થતાં જનજીવન ખોરવાઈ ગયું હતું. હજુ પણ લઘુત્તમ તાપમાનમાં કોઈ વધારે ફેરફારની શક્યતા દેખાઈ રહી નથી. હવામાન વિભાગે કોલ્ડવેવની ચેવતણી પણ જારી કરી છે. દક્ષિણ-પશ્ચિમી રાજસ્થાનમાં સક્રિય થયેલું સાઈક્લોનિક સરક્યુલેશન આગળ વધ્યું છે. તેની સાથે ઉત્તર-પૂર્વથી ઉત્તરનાં ઠંડા પવનોનું જોર વધતાં અમદાવાદ સહિત રાજ્યનાં મોટાભાગનાં વિસ્તારોમાં ઠંડીનો પારો ગગડતાં ઠંડીનો ચમકારો વધ્યો છે. અમદાવાદ સહિત ગુજરાતભરમાં લઘુત્તમ તાપમાન ૫ થી ૮ ડિગ્રી ગગડતા લોકોએ કાતિલ ઠંડીનો અનુભવ કર્યો હતો. નલિયા ૩ ડિગ્રી સાથે ગુજરાતનું સૌથી ઠંડુ શહેર બન્યું છે. આમ આજનો દિવસ ઠંડીની સિઝનનો સૌથી ઠંડો દિવસ નોંધાયો છે. અમદાવાદમાં વહેલી સવારથી ઠંડા અને સૂસવાટા મારતો તોફાની પવન વચ્ચે લોકો જોરદાર રીતે ઠુંઠવાયા હતા. ઠંડીથી બચવા લોકોને ગરમ કપડાં, સ્વેટર-ટોપી, મોજા પહેરવાની ફરજ પડી હતી. હજુ યથાવત છે. ભારે પવનથી લોકો ઠૂંઠવાઈ રહ્યાં છે. જો કે, આગામી ૪૮ કલાકમાં હજુ તાપમાન ગગડવાની શક્યતા હોવાથી ઠંડીમાં વધારો થવાની શક્યતા છે. ઠંડા પવનોની અસરોથી રાજ્યનાં મોટાભાગના વિસ્તારોમાં ઠંડીનો પારો ૫ થી ૮ ડિગ્રી ગગડ્યો છે.

## લેઉવા અને કડવા પાટીદારોનું ૧૨મીએ સોલા ખાતે સંમેલન

ગાંધીનગર, તા.૯

ગુજરાત સહિત દેશભરમાં અને સમગ્ર વિશ્વમાં વસતા કડવા-લેઉવા મહાજ્ઞાતિના પાટીદાર પરિવારોમાં એકાત્મકતા વધે અને ભાતૃત્વ ભાવના પ્રબળ બને અને સમાજના અન્ય વર્ગોને પણ આ વિકાસગાથામાં સાથે લઈને ચાલીએ તેવી ઉમદા ભાવના સાથે આગામી તા.૧૨મી જાન્યુઆરીએ સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે લેઉવા-કડવા પાટીદારોનું વિશાળ ભાવાત્મક મહાસંમેલન યોજાશે, જેમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી મુખ્ય ઉદ્‌ઘાટક તરીકે હાજરી આપશે. જયારે કાર્યક્રમના અધ્યક્ષ તરીકે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, મુખ્ય મહેમાન તરીકે કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા, આયોજન પંચના અધ્યક્ષ નરહરિભાઈ અમીન, વિધાનભા વિરોધપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી સહિતના અનેક મહાનુભાવો ખાસ હાજરી આપશે. બહુ મહત્વના અને નોંધનીય એવા પાટીદાર સમાજના આ ભાવાત્મક મહાસંમેલનમાં ગુજરાતભરમાંથી ૨૫ હજારથી વધુ પાટીદારો ઉમટશે.

# જન્મજાત બિમારી ધરાવતી યુવતી ઉપર હૃદયની સર્જરી

અમદાવાદ, તા.૯

અમદાવાદ શહેરની નારાયણા મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ ખાતે એટ્રિયલ સેપ્ટલ ડિફેક્ટ (એએસડી)ની જન્મજાત બીમારી ધરાવતી ૨૪ વર્ષીય યુવતીની સફળ ઓપન-હાર્ટ સર્જરી કરવામાં આવી છે. આ બીમારીને સામાન્ય રીતે હૃદયમાં કાણું હોવાની બીમારી તરીકે ઓળખવામાં આવે છે. આ બીમારીમાં હૃદયમાં ઉપરની બાજુની બે દીવાલો વચ્ચે એક નાનું કાણું હોય છે, અને તેના કારણે દરદીના શરીરમાં લોહીને હૃદય સુધી પહોંચાડવામાં હૃદયને ખૂબ જ મહેનત પડે છે, જેથી તેનું આરોગ્ય કથળે છે. જો કે, નારાયણા મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલના નિષ્ણાત તબીબોની ટીમે ભારે કાળજી સાથે યુવતીના હૃદયની સફળ સર્જરી કરી હતી. એટલું જ નહી, યુવતીની સામાન્ય આર્થિક સ્થિતિના કારણે મા-યોજના હેઠળ તેની સારવાર કરી અનોખી પ્રેરણા પૂરી પાડી હતી. ૨૪ વર્ષની આ યુવતીને નાનપણથી એટ્રિયલ સેપ્ટલ ડિફેક્ટ (એએસડી)ની જન્મજાત બીમારી હતી અને તેનાં લક્ષણો વધી જતાં તેને હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી.

## ‘પ્લાસ્ટ ઈન્ડિયા ૨૦૨૧’ પર્યાવરણલક્ષી ઈનોવેશન્સ ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે

દેશના સૌથી મોટા પ્લાસ્ટીક ઉદ્યોગની ૧૧મી એડિશનમાં ભારત અને વિદેશના ૨૦૦૦ થી વધુ એક્ઝિબીટર્સ સામેલ થશે

ફેબ્રુઆરી ૨૦૨૧માં નવી દિલ્હી ખાતે યોજાનાર પ્લાસ્ટ ઈન્ડિયાની ૧૧મી એડિશન, અગાઉની એડિશન કરતાં વધુ મોટી બની રહેશે અને પર્યાવરણની જાળવણી માટે જવાબદાર ઈનોવેશન્સમાં ધ્યાન કેન્દ્રિત કરશે.

પ્લાસ્ટ ઈન્ડિયા એ ભારતનું સૌથી મોટું અને વિશ્વનું તેના પ્રકારનું ત્રીજા નંબરનું સૌથી મોટુ પ્રદર્શન છે, જે દર ત્રણ વર્ષે યોજાય છે. તેની ૧૦મી એડિશન વર્ષ ૨૦૧૮મા ગાંધીનગર ખાતે યોજાઈ હતી. ૧૧મી એડિશન તા.૪ થી ૮ ફેબ્રુઆરી સુધી આવતા વર્ષે નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે યોજાશે. આ પ્રદર્શનમાં ભારતને પ્લાસ્ટીક સંબંધી પ્રોસેસ્ડ ચીજો, કાચા માલ, મશીનરી અને વિવિધ સેગમેન્ટમાં વપરાતી અન્ય પ્રોડક્ટસ માટેના ગ્લોબલ હબ તરીકે દર્શાવાશે.

પ્લાસ્ટ ઈન્ડિયા ૨૦૨૧ની નેશનલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના ચેરમેન શ્રી અજય શાહ જણાવે છે કે “પ્લાસ્ટીક ઉદ્યોગ દેશના વિવિધ ક્ષેત્રોના આર્થિક વિકાસમાં મહત્વનું યોગદાન આપી રહ્યો છે અને અર્થતંત્રની એકંદર વૃધ્ધિ માટે તેનો વિકાસ મહત્વનો છે. પ્લાસ્ટીક એ ઓટોમોટિવ, કૃષિ, બાગાયત, બાંધકામ, મેડિકલ ઈક્વિપમેન્ટસ, હેલ્થકેર, સિંચાઈ, સેનિટેશન, સ્પોર્ટસ, પ્લાસ્ટીક કોમ્પોઝીટ અને પેકેજીંગ ક્ષેત્રોના વિકાસ માટે મહત્વનું યોગદાન આપે છે.

## રીટેન્ડરીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે એસ ટી ડેપોમાં લો ફ્લોર સીટીંગની બસો પણ શિરદર્દ સમાન બની હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે આ લો ફ્લોર સીટીંગની બસના લીધે શહેરી બસ સેવાનો રૂટ પણ પ્રભાવિત થયો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જયારે બીજીતરફ બેટરી સંચાલિત ઈલેક્ટ્રીક બસો ફાળવવાની જાહેરાતના અંતે પણ હજુ સુધી ડેપોને કોઈ નવી બસો મળી નથી. અગાઉ વાહનવ્યવહાર મંત્રીએ ગાંધીનગર ડેપોને ૫૦ જેટલી ઈલેક્ટ્રીક બસો ફાળવવાની જાહેરાત પણ કરી હતી .જો કે આ મામલે ટેન્ડર પ્રક્રીયા દરમિયાન માત્ર એક જ એજન્સીનુ ટેન્ડર ઈન્વાઈટ થતા તંત્ર દ્વારા આ અન્વયે ફરી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જયારે ઈલેક્ટ્રીક બસોને અનુલક્ષી ડેપો સંકુલમાં ચાર્જીંગ સેન્ટર કાર્યરત કરવા માટે અને હાઈટેન્શન લાઈન લેવા માટે પણ ગતિવિધિઓ આરંભી દેવામાં આવી છે. ચાર્જીંગ સેન્ટર માટે જગ્યા પણ નિયત કરી દેવાઈ છે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ થશે.

## બર્ફીલા પવન સાથે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. શહેરમાં આક્રમક ઠંડીના લીધે નગરના જવજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. લઘુત્તમ તાપમાનમાં ભારે ગિરાવટની સાથે મહત્તમ તાપમાન પણ ૩ ડીગ્રી નીચે ઉતર્યુ હતુ.દિવસ દરમિયાન પણ નાગરિકોએ પવનના સુસવાટા સાથે ઠંડીનો અહેસાસ કર્યો હતો. જયારે વહેલી સવારે પણ ઠંડી અસહ્ય બની રહેતા મોર્નિંગ વોક કરનારાઓના બદલે રસ્તાઓ ખાલીખમ જોવા મળ્યા હતા. સાંજ ઢળતા જ શહેરના મુખ્યમાર્ગો તેમજ શોપિંગ બજારોમાં સન્નાટો છવાઈ ગયો હતો. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમા આજે નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. હરિયાળા ગાંધીનગરમાં ઠંડીની મોસમ આકરી બનતા શહેરના જનજીવન પર વિશેષ અસર જોવા મળી રહી છે.જયારે ખુલ્લામાં રહેતા શ્રમિકોની હાલત પણ કફોડી બની છે. આકરી ઠંડીના લીધે બાળકો તેમજ વૃધ્ધો પણ વિશેષ પ્રભાવિત થયા છે. જયારે દમ, શ્વાસની બિમારી ધરાવતા દર્દીઓ પણ ઠંડીમાં વધુ તકલીફ અનુભવી રહ્યા છે. હ્દયના દર્દીઓ પણ ઠંડીની મોસમથી પ્રભાવિત છે. દિવસ દરમિયાન પણ આજે કોલ્ડવેવથી બચવા માટે નાગરિકો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. દિવસનુ મહત્તમ તાપમાન પણ ૩ ડીગ્રી નીચે ઉતરતા નગરજનોએ દિવસે પણ ઠંડીનો અહેસાસ કર્યો હતો. આકરી ઠંડીએ નગરને બાનમાં લીધુ છે. આજે ઠંડીના પારાએ દોટ લગાવતા પારો ૭.૫ ડીગ્રીએ પહોંચી જવાની સાથે ગ્રીન ગાંધીનગર ઠંડા ઠંડા કુલ કુલ બની ગયુ હતુ

## કેન્દ્રની ટીમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોસાયટીના રહીશોને મળી તેમની પાસેથી સ્વચ્છતા સંદર્ભે ફિડબેક મેળવ્યો હતો. આ ટીમ ડોર ટુ ડોર કલેક્શન ઉપરાંત મનપા દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ અંગે રજુ થયેલા દસ્તાવેજોની પણ ચકાસણી કરનાર છે. આ ટીમે આજે કેટલાક જાહેર શૌચાલયોની પણ તપાસ કરી હોવાનું જાણવા મળેલ છે. આ ટીમ લેન્ડફિલ્ડ સાઈટની પણ મુલાકાત લેશે ત્યાં કચરાના નિકાલની ચાલી રહેલી કામગીરીને પણ નિહાળી અને સર્વેક્ષણમાં તે અંગેનું માર્કિંગ કરશે.

સ્વચ્છતા સર્વેક્ષણ માટે છેલ્લા કેટલાક સમયથી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ હતી. આ ટીમ ઓ.ડી.એફ.ને લઈ પણ ચકાસણી કરશે તેમ જાણવા મળેલ છે.

## અશ્વિનૌ યજ્ઞ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વૈદિક યજ્ઞ ચાલી રહ્યો છે, પરંતુ અહીંથી પસાર થતા મોટાભાગના નાગરિકોને એ ખબર નહોતી કે આ યજ્ઞ કરવા યુરોપના વિવિધ દેશોમાંથી પધારેલા એક, બે કે પાંચ નહી પરંતુ પુરા ૩૨ ખ્યાતનામ તબીબો જેમાંથી મોટાભાગના ભારતીય પરિધાનમાં સજ્જ થઈને “અશ્વિનૌ યજ્ઞ” કરી રહ્યાં છે. આ તમામ એ તબીબો છે ભારતીય વૈદિક સંસ્કૃતિ, આયુર્વેદ તથા સનાતન ધર્મના મૂલ્યોથી પ્રભાવિત છે અને પોતાના જીવન અને વ્યવસાયમાં પણ તેમણે તેનુ અનુસરણ શરૂ કરી દીધુ છે.

રાંધેજા ચોકડી નજીક સ્થિત કેશવ આર્યગ્રામ ગૌશાળા ખાતે નિર્મિત વિશ્વના એકમાત્ર અશ્વિનીકુમાર મંદિરના પ્રાંગણમાં બનાવાયેલ યજ્ઞશાળામાં યુરોપના ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની, ગ્રીસ, માલ્ટા, સાયપ્રસ તથા આર્યલેન્ડ જેવા દેશોમાંથી ૩૨ જેટલા તબીબો પધાર્યા હતા જેઓએ અહીં વૈદિક સંસ્કૃતિમાં દર્શાવેલ “અશ્વિનૌ યજ્ઞ”નું અનુષ્ઠાન હાથ ધર્યુ હતુ. આ યજ્ઞનો હેતુ ચિકિત્સકો માટે રોગ અને ઔષધિનું યથાર્થ જ્ઞાન કરાવે જેથી દર્દીની સારવાર યોગ્ય રીતે થઈ શકે તે માટેનો હતો. પૂ. રમેશ ઓઝાના શિષ્ય અને પોરબંદરના સાંદિપની વિદ્યા નિકેતનના સંસ્કૃતના પ્રાધ્યાપક ડૉ. હિતેષ પાઠક આ યજ્ઞના મુખ્ય આચાર્યપદે બિરાજમાન હતા અને તેમની સાથે અન્ય પાંચ બ્રાહ્મણ ઋષુકુમારો યજ્ઞના શ્લોકોનું ઉચ્ચારણ કરવા સાથે યજ્ઞની રીતિ-નીતિ સંભાળી રહ્યાં હતા. સમગ્ર યજ્ઞનું આયોજન ગાંધીનગરના સેક્ટર-૮ના અને હાલ લંડનમાં કાર્યરત તથા પેથાપુર ખાતેના પ્રખ્યાત ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટરના સ્થાપક વૈદ્ય ડૉ. અશ્વિન બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું. યજ્ઞ માટે પધારેલ તમામ વિદેશી તબીબો ડૉ. બારોટ પાસેથી આયુર્વેદ અને અગ્નિકર્મ ચિકિત્સા શીખી રહ્યાં છે અને ગત રવિવારે ડૉ. બારોટ દ્વારા અમદાવાદના એએમએ ખાતે આયોજિત અગ્નિકર્મ ચિકિત્સા પદ્ધતિ અંગેના આંતરરાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લેવા ખાસ પધાર્યા હતા. હજુ આવતીકાલે બપોરે આ તમામ તબીબો પેથાપુર સ્થિત ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટરની મુલાકાત લેશે. આ તબીબો પૈકી કેટલાંક તબીબો છેલ્લાં ઘણા સમયથી ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટર સાથે જોડાયેલા છે અને અનેકવાર તેની મુલાકાત પણ લઈ ચુક્યા છે.

વૈદ્ય ડૉ. અશ્વિન બારોટે જણાવ્યું હતું કે તેઓ હાલ યુરોપમાં આયુર્વેદનો પ્રચાર-પ્રસાર કરી રહ્યાં છે અને તેમણે આશરે ૩ હજાર વર્ષ જુની અગ્નિકર્મ ચિકિત્સા પદ્ધતિને પુન- જીવિત કરી છે. ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટરની સ્થાપનાના ૬ વર્ષમાં તેઓ ૪૦ હજાર દર્દીઓને આ પદ્ધતિથી સારવાર આપી ચુક્યાં છે. આ સેન્ટર પર જરૂરિયાતમંદ વર્ગના દર્દીઓની સેવાના ભાગરૂપે દર ગુરૂવાર તથા શુક્રવારે વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.

## પતંગ કપડ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેના પગલે મામલતદારે ચાર જેટલી ટીમો બનાવી અને જુદા જુદા સેક્ટરોમાં આ અંગે તપાસ હાથ ધરી હતી. મામલતદાર સુનિલ રાવલ જાતે સે. ૨૧માં પહોંચ્યા હતા. જ્યાંથી તેમણે એક સ્ટોલમાંથી જ મોટો જથ્થો પ્લાસ્ટિકના પતંગનો પકડી અને કબ્જે લીધો હતો.

આ ઉપરાંત તેમની એક ટીમે ૧૫ હજાર વાર ચાઈનીઝ દોરીનો જથ્થો પણ સેક્ટરમાં વેચતા ફેરિયા પાસેથી પકડી અને જપ્ત કર્યો છે.

ગાંધીનગર શહેરમાં સે. ૨૧માં ડે. મ્યુનિ. કમિશ્નરે બનાવટી ગ્રાહક બની સિંગલ યુઝ પ્લાસ્ટિક કબ્જે લીધુ હતુ. આજે મામલતદાર રાવલે પ્લાસ્ટીકના પતંગનો જથ્થો કબ્જે લીધો છે જે નોંધનીય છે.

સરકારના આદેશો ગાંધીનગરમાંથી જારી થાય અને ગાંધીનગરમાં જ તેનો ભંગ થતો જોઈ તંત્રના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે. આ ઝુંબેશ ૧૪મી જાન્યુઆરી સુધી ચાલુ રહેશે.

## જુની ટાંકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી અલબત્ત વર્ષ ૧૯૭૦ થી ચરેડી પમ્પીંગ સ્ટેશન તેમજ સરીતા સ્થિત પમ્પીંગ મશીનરી પણ ઘણી જુની હાલતમાં છે .જયારે આ બન્ને વોટર હેડ વર્કસ પરની મશીનરી તેમજ પાણીની ટાંકીઓ પણ ઘણી જુની છે. કોર્પોરેશન દ્વારા આગામી દિવસોમાં શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે આયોજન કરવામાં આવશે આ માટે જરૂરી અભ્યાસ અને સર્વે પણ હાથ ધરાયા છે. આ દરમિયાન બન્ને હેડવર્કનુ નવિનીકરણ હાથ ધરવામાં આવશે. ૪૮ વર્ષ જુના ચરેડી હેડ વર્કસ ખાતે ૨૭ લાખ લીટર પાણીની ટાંકી છે .જયારે ૩૦ લાખ લીટરની ક્ષમતા ધરાવતી નવી પાણીની ટાંકી છે. જયારે ૩૯ લાખ લીટરની ક્ષમતા ધરાવતા પાંચ સંપ છે. જયારે સરીતામાં પણ ૩૦ લાખ લીટરની ઓવરહેડ ટાંકી છે. જયારે ૩૭.૫ લાખ લીટરના ૪ સંપ છે. સે-૫ માં પણ ૩૦ લાખ લીટરની ટાંકી છે. જેના આધારે સમગ્ર શહેરમાં પાણી પુરવઠાનો સપ્લાય કરવામાં આવે છે. સરીતા અને ચરેડી હેડ વર્કસના આધારે પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે.ત્યારે આ બન્ને ઠેકાણે ચાર દાયકા જુની પાણીની જુની ટાંકીઓ અને મશનીરીના કેટલાક પાર્ટસ અંગે પણ સર્વે કરવો અનિવાર્ય છે. આ માટે તંત્રએ આ ટાંકીઓ તેમજ મશીનરીનો સર્વે કરવા માટે એજન્સીને કામ સોંપ્યુ છે.

## ત્રણ ત્રાસવાદી

● અનુસંધાન પહેલાનું ચાલુ

નાગરિક સુધારા કાનૂનને લઈને દેશના જુદા જુદા ભાગોમાં વિરોધ પ્રદર્શન જારી છે ત્યારે સુરક્ષા વ્યવસ્થા પહેલાથી જ મજબૂત રાખવામાં આવી છે. પ્રજાસત્તાક દિવસની તૈયારી પણ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. તમામ જગ્યાઓ ઉપર રિહર્સલ અને પરેડની તૈયારીઓ ચાલી રહી છે. આવી સ્થિતિમાં હાઈએલર્ટની જાહેરાત પહેલાથી જ કરાઈ છે. મજબૂત સુરક્ષા વ્યવસ્થાના ભાગરુપે આઈએસના નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ઝડપાયેલા ત્રાસવાદીઓની ઓળખ હજુ સુધી કરવામાં આવી નથી પરંતુ તેમના અંગે વધુ માહિતી હાલમાં તપાસના ભાગરુપે જારી કરાઈ નથી. પુછપરછ બાદ જ પુરતી વિગતો જાહેર કરવામાં આવશે. હાલમાં તેમના અન્ય સાગરિતોની શોધખોળ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. દર વર્ષે પ્રજાસત્તાક દિવસની આસપાસ મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો દિલ્હી અને આસપાસના વિસ્તોરમાં તૈનાત કરવામાં આવે છે.